# વ્યાકરણ

## પાઠઃ-૧ સ્વર અને વ્યંજન

# ગુજરાતી કક્કો

## વ્યંજન

| | | | | |
|---|---|---|---|---|
| ક | ખ | ગ | ઘ | ઙ |
| ka | kha | ga | gha | ṅ |
| ચ | છ | જ | ઝ | ઞ |
| cha | chha | ja | jha | ya |
| ટ | ઠ | ડ | ઢ | ણ |
| ta | tha | da | dha | na |
| ત | થ | દ | ધ | ન |
| ta | tha | da | dha | na |
| પ | ફ | બ | ભ | મ |
| pa | pha | ba | bha | ma |
| ય | ર | લ | વ | |
| ya | ra | la | va | |
| શ | ષ | સ | | |
| sha | sha | sa | | |

## સ્વર

| | |
|---|---|
| અ | આ |
| a | aa |
| ઇ | ઈ |
| i | ee |
| ઉ | ઊ |
| u | oo |
| એ | ઐ |
| e | ai |
| ઓ | ઔ |
| o | au |
| અં | અઃ |
| am/an | aha |

KIRIT N PATEL

| અલ્પ પ્રાણ | મહા પ્રાણ | અલ્પ પ્રાણ | મહા પ્રાણ | અનુનાસિક | અંત:સ્થ | ઉષ્માક્ષર | ઉષ્માક્ષર | |
|---|---|---|---|---|---|---|---|---|
| ક્ | ખ્ | ગ્ | ઘ્ | ઙ | --- | --- | હ્ | કંઠ્ય |
| ચ્ | છ્ | જ્ | ઝ્ | ઞ | ય્ | શ્ | | તાલવ્ય |
| ટ્ | ઠ્ | ડ્ | ઢ્ | ણ્ | ર્ | ષ્ | ળ્ | મુર્ધન્ય |
| ત્ | થ્ | દ્ | ધ્ | ન્ | લ્ | સ્ | | દંત્ય |
| પ્ | ફ્ | બ્ | ભ્ | મ્ | --- | --- | --- | ઓષ્ઠ્ય |

| | | | |
|---|---|---|---|
| (1) | અંગરક્ષક : | (ખ) | અં + ગ્ + અ + ર્ + અ + ક્ + ષ્ + અ + ક્ |
| (2) | અક્ષાંશ : | (ગ) | અ + ક્ + ષ્ + આં + શ્ |
| (3) | નક્ષત્ર : | (ઘ) | ન્ + અ + ક્ + ષ્ + અ + ત્ + ર્ + અ |
| (4) | છત્રપતિ : | (ક) | છ્ + અ + ત્ + ર્ + અ + પ્ + અ + ત્ + ઈ |
| (5) | ક્ષેત્ર : | (ઘ) | ક્ + ષ્ + એ + ત્ + ર્ + અ |
| (6) | ગણિતજ્ઞ : | (ખ) | ગ્ + અ + ણ્ + ઈ + ત્ + અ + જ્ + ઞ્ + અ |
| (7) | જ્ઞાતિ : | (ક) | જ્ + ઞ્ + આ + ત્ + ઈ |
| (8) | યજ્ઞચિત્ર : | (ઘ) | ય્ + અ + જ્ + ઞ્ + અ + ચ્ + ઈ + ત્ + ર્ + |

## દેવનાગરી લિપિચિહ્નનો પ્રયોગ : દ-द

| જોડાક્ષર | ઉદાહરણ | શબ્દ | ધ્વનિશ્રેણી |
|---|---|---|---|
| દ્ + દ = દ્દ | મુદ્દો, રદ્દી, મુદ્દલ, તદ્દન, હોદ્દો | મુદ્દો | મ્ + ઉ + દ્ + દ્ + ઓ |
| દ્ + ધ = દ્ધ | શુદ્ધ, યુદ્ધ, બુદ્ધ, વૃદ્ધ, પદ્ધતિ | શુદ્ધ | શ્ + ઉ + દ્ + ધ્ + અ |
| દ્ + મ = દ્મ | પદ્મ, છદ્મ | પદ્મ | પ્ + અ + દ્ + મ્ + અ |
| દ્ + ય = દ્ય | ગદ્ય, પદ્ય, વિદ્યા | વિદ્યા | વ્ + ઈ + દ્ + ય્ + આ |
| દ્ + ર = દ્ર | ચંદ્ર, ભદ્ર, મુદ્રા, તદ્રૂપ | મુદ્રા | મ્ + ઉ + દ્ + ર્ + આ |
| દ્ + વ = દ્વ | દ્વિતીય, દ્વિગુ, વિદ્વાન | દ્વિતીય | દ્ + વ્ + ઈ + ત્ + ઈ + |
| દ્ + ઋ = દૃ | દૃઢ, દૃશ્ય | દૃશ્ય | દ્ + ઋ + શ્ + ય્ + અ |

દ સાથે 'ધ' ધ્વનિના જોડાક્ષરને પણ જોવા જોઈએ.

| 'ધ'ના જોડાક્ષર | | | |
|---|---|---|---|
| જોડાક્ષર | ઉદાહરણ | શબ્દ | ધ્વનિશ્રેણી |
| ધ્ + ધ = ધ્ધ | યોધ્ધા, અધ્ધર | અધ્ધર | અ + ધ્ + ધ્ + અ + ર્ |
| ધ્ + ય = ધ્ય | સંધ્યા, અધ્યાપક | સંધ્યા | સ્ + અં + ધ્ + ય્ + આ |
| ધ્ + ર = ધ્ર | ધ્રુવ, ધ્રુજારી | ધ્રુવ | ધ્ + ર્ + ઉ + વ્ |
| ધ્ + વ = ધ્વ | ધ્વનિ, ધ્વજ | ધ્વજ | ધ્ + વ્ + અ + જ્ |
| ધ્ + ઋ = ધૃ | ધૃતિ, ધૃતરાષ્ટ્ર | ધૃતિ | ધ્ + ઋ + ત્ + ઈ |

'શ' ધ્વનિના જોડાક્ષર પણ દેવનાગરી લિપિ અનુસાર થાય છે.

| 'શ'ના જોડાક્ષર | | | |
|---|---|---|---|
| જોડાક્ષર | ઉદાહરણ | શબ્દ | ધ્વનિશ્રેણી |
| શ + ર = શ્ર | શ્રવણ, શ્રદ્ધા, શ્રેયસ | શ્રદ્ધા | શ્ + ર્ + અ + દ્ + ધ્ + આ |
| શ + વ = શ્વ | શ્વાસ, શ્વેત, શ્વાન | શ્વાન | શ્ + વ્ + આ + ન્ |
| શ્ + ચ = શ્ચ | આશ્ચર્ય, નિશ્ચિત | નિશ્ચિત | ન્ + ઈ + શ્ + ચ્ + ઈ + ત્ |

| | |
|---|---|
| હ્ + મ = હ્મ | બ્રહ્મ, બ્રાહ્મણ |
| હ્ + ન = હ્ન | મધ્યાહ્ન, જાહ્નવી |
| હ્ + ય = હ્ય | બાહ્ય, સહ્ય |
| હ્ + ર = હ્ર | હ્રસ્વ, હ્રાસ |

(3) પદ્ય : પ્ + અ + દ્ + ય્ + અ

(4) વિદ્વાન : વ્ + ઈ + દ્ + વ્ + આ + ન્

(5) યોધ્ધા : ય્ + ઓ + ધ્ + ધ્ + આ

(6) અધ્યાપક : અ + ધ્ + ય્ + આ + પ્ + અ + ક્

(7) શ્રવણ : શ્ + ર્ + અ + વ્ + અ + ણ્

(8) શ્વેત : શ્ + વ્ + એ + ત્

(9) દ્વિજિહ્વ : દ્ + વ્ + ઈ + જ્ + ઈ + હ્ + વ્ + અ

(10) મૂલ્યહ્રાસ : મ્ + ઊ + લ્ + ય્ + અ + હ્ + ર્ + આ + સ્

- ભાષાનો નાનામાં નાનો ઘટક (એકમ) ધ્વનિ છે.
- ભાષાના આવા ધ્વનિઓને પરંપરાથી ‘સ્વર’ અને
- ‘વ્યંજન’ તરીકે ઓળખવામાં આવે છે.
-
- સ્વરઃ- જે ધ્વનિઓનો ઉચ્ચાર કોઈ પણ બીજા
- ધ્વનિની સહાય વિના થઈ શકે તે ‘સ્વર’ કહેવાય.
- અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ, અં વગેરે
- સ્વર છે.
-
- વ્યંજનઃ- જેનો ઉચ્ચાર સ્વરની મેળવણીથી થઈ શકે છે તેવા વર્ણને ‘વ્યંજન’ કહે છે.

- ક્+અ = ક   ખ્+આ = ખા   ગ્+ઇ = ગિ   ઘ્+ઈ =ઘી
- ચ્+ઉ= ચુ   છ્+ઊ = છૂ   જ્+એ = જે   ઝ્+ઐ = ઝૌ

- સ્વરના પ્રકારઃ-(૧) સજાતીય સ્વર
- (૨) વિજાતીય સ્વર

- સજાતીય સ્વરઃ- એક જ સ્થાનમાંથી બોલાતા સ્વરો
- પરસ્પર સજાતીય સ્વર કહેવાય. ઉદાહરણઃ અ અને આ, ઇ અની ઈ, ઉ અને ઊ

- વિજાતીય સ્વરઃ- જુદા જુદા સ્થાનેથી બોલાતા
- સ્વરો પરસ્પર વિજાતીય સ્વર કહેવાય.
- ઉ, ઊના વિજાતીય સ્વરો અ,આ,ઇ,ઈ છે.

- વ્યંજનના પ્રકારઃ- (૧) ઘોષ વ્યંજન
- (૨) અઘોષ વ્યંજન
- (3) અનુનાસિક

- ઘોષ વ્યંજનઃ- જે વ્યંજનોના ઉચ્ચારણમાં કોમળતા
- નો રણકો હોય તેને ‘ઘોષ’ વ્યંજન કહે છે. ગ, ઘ, જ,
- ઝ, ડ, ઢ, દ, ધ, બ, ભ, મ, ય, ર, લ, વ, હ, ઘોષ
- વ્યંજન છે

- અઘોષ વ્યંજનઃ- જે વ્યંજનોના ઉચ્ચારણ કર્ણને
- રણકા વિનાના એટલે કે કઠોર લાગે તેને ‘અઘોષ’
- વ્યંજન કહે છે. ક, ખ, ચ, છ, ટ, ઠ, ત, થ, પ, ફ, શ
- ષ, સ અઘોષ વ્યંજન છે.

- અનુનાસિક વ્યંજનઃ- જે વ્યંજનો પોતાના સ્થાન
- ઉપરાંત નાકમાંથી બોલાય તેને ‘અનુનાસિક’ વ્યંજન કહેવાય છે. દા.ત. ઙ, ઞ, ણ, ન, મ

- અક્ષર અને વર્ણઃ- વ્યંજન અને સ્વરની મેળવણીથી
- જે એક ઘટક બને તેને ‘અક્ષર’ કહે છે.
- ક્+અ=ક   ક્+આ=કા   ચ+ઈ=ચી  ચ્+ઉ=ચુ
- આમાં, ક, કા, ચી અને ચુ અક્ષર કહેવાય, જ્યારે ક્ અને ચ્ વર્ણો કહેવાય

- *ધ્વનિઓને જોડીને શબ્દ બનાવો:-
- ૧. ધ્ + ઈ + ર્ + અ + જ્ + અ = ધીરજ
- ૨. આ + ર્ + અ + ત્ + ઈ = આરતી
- 3. વ્ + ય્ + અ + ક્ + ત્ + ઇ = વ્યક્તિ
- ૪. વ્ + ઇ + શ્ + વ્ + આ + ન્ + અ + લ્ + અ=
- વિશ્વાનલ
- ૫. દ્ + વ્ + આ + ર્ + અ + ક્ + આ = દ્વારકા

- શબ્દોને ધ્વનિરૂપ લખવાઃ-
- સૂરજ = સ્ + ઊ + ર્ + અ + જ્ + અ
- ભિસ્તી = ભ + ઇ + સ્ + ત્ + ઈ
- સોટી = સ્ + ઓ + ટ્ + ઈ
- ચિંતા = ચ્ + ઇ + ન + ત્ + આ
- જુવાન = જ્ + ઉ + વ્ + આ + ન્ + અ

- સ્વાધ્યાયઃ-
- પ્ર.૧ નીચેના ધ્વનિઓને જોડીને શબ્દ બનાવોઃ-
- ૧. ખ્ + અ + ર્ + અ + ચ્ + ઈ
- ૨. ત્ + અ + ણ્ + અ + ખ્ + ઓ
- 3. ચ્ + ઇ + ન્ + અ + ગ્ + આ + ર્ + ઈ
- ૪. મ્ + ઉ + ખ્ + અ + પ્ + આ + ઠ્ + અ
- ૫. ધ્ + વ્ + અ + ન્ + ઇ
- ૬. ધ્ + અ + ર્ + મ્ + અ
- પ્ર.૨ નીચેના શબ્દોની ધ્વનિરૂપે લખો.
- (૧) જન (૨) સળગી (3) મહાનલ
  - (૪) પરમાત્મા (૫) વરદાન (૬) જિંદગી